છઠ્ઠા પગાર પંચ અન્વયે કર્મચારીઓ/ અધિકારીઓને મળવાપાત્ર પગાર-ભથ્થાંના તફાવતના વર્ષ ૨૦૧૧-૧૨માં ચુકવવાપાત્ર ત્રીજા હપ્તા (૨૦%)ની રકમ રોકડમાં ચુકવવા બાબત

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંક: પગર - ૧૦૦૯- ૬૫ -પગાર એકમ(મ)
સચિવાલય, ગાંધીનગર
તા. ૬ – ૧૦ - ૨૦૧૧

સંદર્ભ ક્ર: નાણા વિભાગના તા.૨૦-૩-૨૦૦૯નો ઠરાવ
ક્ર: પગર- ૧૦૦૯- ૩ -પગાર એકમ(મ)

આમુખ:

રાજ્ય સરકાર દ્વારા કેન્દ્રિય છઠ્ઠા પગાર પંચની ભલામણોનો સ્વીકાર કરીને રાજ્યના કર્મચારીઓને ગુજરાત રાજ્ય સેવા(પગાર સુધારણા) નિયમો, ૨૦૦૯ હેઠળ પગાર સુધારણાનો લાભ આપવામાં આવેલ છે. નાણા વિભાગના તા.૨૦-૩-૨૦૦૯ના ઠરાવથી કર્મચારીઓને મળવાપાત્ર પગાર તફાવતની રકમ પગાર બાંધણીની ઓન લાઈન ચકાસણી બાદ, દર વર્ષે ૨૦% પ્રમાણે પાંચ સરખા વાર્ષિક હપ્તામાં કર્મચારીના સામાન્ય ભવિષ્ય નિધિ ખાતામાં પાંચ વર્ષના લોક ઈન પીરીયડ સાથે જમા કરાવવાનો નિર્ણય લેવામાં આવેલ હતો. તે અનુસાર વર્ષ ૨૦૧૧-૧૨માં પગાર તફાવતનો ત્રીજો હપ્તો કર્મચારીના સામાન્ય ભવિષ્ય નિધિ ખાતામાં જમા કરાવવાનો થાય છે. રાજ્યના વિવિધ કર્મચારી મંડળો/મહામંડળો દ્વારા ત્રીજા હપ્તાની રકમ સામાન્ય ભવિષ્ય નિધિ ખાતામાં જમા નહીં કરતાં રોકડમાં ચુકવવાની માંગણી કરવામાં આવેલ હતી. આ માંગણીઓ સંદર્ભે પુખ્ત વિચારણાને અંતે સરકારશ્રીએ નીચે મુજબ નિર્ણય કરેલ છે.

ઠરાવ

(૧) કર્મચારીઓને નાણાકીય વર્ષ ૨૦૧૧-૧૨માં ચુકવવાપાત્ર પગાર-ભથ્થાંના તફાવતની ત્રીજા હપ્તાની (૨૦%) રકમ, સામાન્ય ભવિષ્ય નિધિ ખાતાને બદલે રોકડમાં ચુકવવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

(૨) જે કર્મચારીઓ મળવાપાત્ર હપ્તાની રકમ સ્વૈચ્છાએ સામાન્ય ભવિષ્ય નિધિ ખાતામાં જમા કરાવવા માંગતા હશે તેઓ તે મુજબનો વિકલ્પ આપી શકશે. જે કર્મચારીઓ હપ્તાની રકમ સામાન્ય ભવિષ્ય નિધિ ખાતામાં જમા કરાવવાનો વિકલ્પ આપે તેમને નાણા વિભાગના તા.૨૦-૩-૨૦૦૯ના ઠરાવની જોગવાઈ અનુસાર જમા થયેલ રકમ ઉપર ૧લી એપ્રિલ, ૨૦૧૧ થી વ્યાજ મળવાપાત્ર થશે.

પાછળ..

(૩) CPF/NPS ખાતા ધરાવતા કર્મચારીઓને ચુકવવાપાત્ર ત્રીજા હપ્તાની રકમ રોકડમાં ચુકવવાની રહેશે.

(૪) તા.૦૧-૦૧-૨૦૦૬ બાદ નિવૃત થયેલ કર્મચારીઓને ચુકવવાપાત્ર થતા પગાર-ભથ્થાં (તા.૦૧-૦૧-૨૦૦૬ થી નિવૃતિ તારીખ/તા.૩૧-૩-૨૦૦૯ સુધીના)ના તફાવતના ત્રીજા હપ્તાની રકમ તેમના પેન્શન ખાતામાં જમા કરાવવાની રહેશે.

(૫) જે કર્મચારીઓએ રાજીનામું આપેલ હોય તેવા કેસમાં, કર્મચારીનું સામાન્ય ભવિષ્ય નિધિ ખાતું કે પેન્શન ખાતાનું અસ્તિત્વ ન રહેતું હોઈ, કર્મચારીને ચુકવવાપાત્ર પગાર-ભથ્થાંના તફાવતની ચુકવવા પાત્ર/બાકી રહેતી રકમ એક સાથે રોકડમાં ચુકવવાની રહેશે.

(૬) આ હુકમો રાજ્ય સરકારના બોર્ડ/નિગમો/યુનિવર્સિટીઓ અને અન્ય સહાયક અનુદાન મેળવતી સંસ્થાઓ કે જેના કર્મચારી/અધિકારીઓને છઠ્ઠા પગાર પંચ મુજબ પગાર સુધારણા મંજુર કરવામાં આવેલ છે તેમને પણ પગાર સુધારણા મંજુર કરતાં હુકમોની શરતો અનુસાર ત્રીજા હપ્તાની રકમ ચુકવવાની રહેશે.

(૭) જે કર્મચારી/અધિકારીઓની પગાર બાંધણીની ચકાસણી થયેલ નથી તેવા કર્મચારી/અધિકારીઓને, પગાર બાંધણીની ચકાસણી થયેથી ચુકવાયેલ રકમમાં વધઘટ જણાય તો તે રકમ, કર્મચારી/અધિકારીને ચુકવવાપાત્ર પગાર-ભથ્થાં કે હવે પછી ચુકવવાપાત્ર થતાં તફાવતની રકમની ચુકવણી વખતે સરભર કરવાની શરતે આ ચુકવણી કરવાનું ઠરાવવામાં આવે છે.

આ નિર્ણય સંદર્ભે સર્વે કચેરીઓના ઉપાડ અને વહેંચણી અધિકારીઓએ જરૂરી કાર્યવાહી સત્વરે હાથ ધરી તફાવતની રકમનો ત્રીજો હપ્તો (૨૦%) ચુકવવાની તથા પગાર બાંધણીની ચકાસણી થયેથી ચુકવાયેલ રકમમાં વધઘટ જણાય તો તે કર્મચારીને મળવાપાત્ર પગાર-ભથ્થાં કે ભવિષ્યમાં ચુકવવાપાત્ર હપ્તાની ચુકવણી સામે સરભર કરવાની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ. ડી. સેઈલર)
નાયબ સચિવ
નાણા વિભાગ

પ્રતિ,

• માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન. મંત્રીશ્રીઓ/ રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી,

માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી
* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
સચિવાલયના સર્વે વિભાગો.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, (૧) ઓડીટ, અમદાવાદ
સીનીયર એકાઉન્ટન્ટ જનરલશ્રી,(૨) (એ. એન્ડ ઈ.), રાજકોટ
સીનીયર એકાઉન્ટન્ટ જનરલશ્રી,(૨) (એ. એન્ડ ઈ.), અમદાવાદ
સીનીયર એકાઉન્ટન્ટ જનરલશ્રી,(ઓડીટ), રાજકોટ.
સર્વે ખાતાના વડાઓ/કચેરીના વડાઓ/ કલેકટરશ્રીઓ/ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી,
નિરીક્ષકશ્રી.સ્થાનિક હિસાબ ભંડોળ, ગાંધીનગર,
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/ અમદાવાદ
પગાર અને હિસાબી અધિકારીશ્રી, નર્મદા યોજના, ગાંધીનગર/વડોદરા
સર્વે સહાયક નિરીક્ષકશ્રીઓ
રાજ્યના સર્વે બોર્ડ/નિગમ/યુનિવર્સિટીઓ/સહાયક અનુદાન મેળવતી સંસ્થાઓ.
નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર/ અમદાવાદ
સર્વે માન્ય કર્મચારી મંડળો
નાણા વિભાગના સર્વે અધિકારીઓ/ સર્વે શાખાઓ
પસંદગી ફાઈલ નાણા વિભાગ- મ, ચ, પેન્શન અને ઝ શાખા
આઈટી-કોઓર્ડીનેટર, નાણા વિભાગ.
<u>.......ઠરાવની નકલ વિભાગની વેબ સાઈટ ઉપર તાત્કાલિક અપલોડ કરવાની વિનંતી સાથે</u>

* પત્ર દ્વારા